# : બંદોબસ્ત ફાળવણી માટેનો સોફ્ટવેર :

પોલીસ વિભાગ માં અવાર–નવાર આવતા વિવિધ પ્રકારના બંદોબસ્ત માં પોઈન્ટ બનાવવા, ફોર્સ ફાળવણી કરવી તે ખુબજ જટીલ કામગીરી હોય છે. આ કામગીરી ને સરળ બનાવવા માટે એક સોફ્ટવેર વિકસીત કરવામાં આવેલ છે. જે ખુબજ સરળતાથી કોઈપણ બંદોબસ્તમાં પોઈન્ટ બનાવવા ફોર્સ ફાળવણી કરવી સ્કીમ જનરેટ કરવાથી લઈ આઇ.ડી. કાર્ડ બનાવવા સુધીની કામગીરી કરી શકાય છે. જે સોફ્ટવેર વિષે વિગતવાર માહીતી નીચે મુજબ છે.


- બંદોબસ્ત બનાવતી વખતે તમે બંદોબસ્તમાં જે ફોર્સ હોદ્દાનો ઉપયોગ કરવાના હોય તે હોદા પસંદ કરી શકાય છે. જરૂરીયાત મુજબના નવા હોદા એડમીન ને કહી ઉમેરી શકાય છે.
- એક વખત બનાવેલ બંદોબસ્ત ને એડીટ કરી નામ વિગત અને પસંદ કરેલ હોદાઓમાં વધારો કરી શકાય છે.
- એક વખત સમગ્ર બંદોબસ્ત બની ગયા પછી ફરીથી તે મુજબનો બંદોબસ્ત બનાવવાની જરુરીયાત ઉપસ્થિત થાય તો જુના બંદોબસ્તમાં અગાઉ બનાવેલ તમામ પોઈન્ટ ફાળવેલ આંકડકીય ફોર્સ સહીતની વિગતો કોપી કરી નવો બંદોબસ્ત બનાવી શકાય છે. જેમા પછી નવો ફોર્સ અપલોડ કરી ખાલી ફોર્સ ફાળવણી કરવાની કામગીરી કરવાની રહેશે.

www.technicalcellsnr.com


અથવા

https://technicalcellsnr.com/bandobast/common/login.php આ લીંક ખોલવા થી નીચે મુજબ પેઈઝ ખુલશે.

પોલીસ બંદોબસ્તની સ્કીમ બનાવવા માટે આપને આપવામાં આવેલ યુઝરનેમ અને પાસર્વડનો ઉપયોગ કરી આપશ્રી એડમીન તરીકે ( એલ.આઇ.બી.) અને યુઝર ( પોલીસ સ્ટેશન તરીકે ) લોગીન કરી શકો.




પ્રથમ આપણે યુઝર એટલે કે પોલીસ સ્ટેશન માટે કામગીરી કેવી રીતે કરવાની છે તે જોઈએ આપ આપના યુઝરનેમ અને પાસવર્ડથી પોલીસ સ્ટેશન તરીકે લોગીની કરશો એટલે નીચે મુજબનું ડેશબોર્ડ ખુલી જશે.




આ ડેશબોર્ડ ઉપર આપશ્રી દ્વારા બનાવવામાં આવેલ બંદોબસ્ત વગેરેની માહીતી જોઇ શકાશે.


## New Bandobast : Create Bandobast :

સૌ પ્રથમ નવો બંદોબસ્ત બનાવવા માટે ન્યુ બંદોબસ્ત / ક્રિએટ બંદોબસ્ત નામના મેનુ ઉપર કલીક કરવાનું રહેશે. જેની ઉપર કલીક કરવાથી નીચે મુજબ ની સ્ક્રીન ખુલી જશે.

- જેમા બંદોબસ્તનું નામ
- બંદોબસ્તનું સ્થળ
- બંદોબસ્તની તારીખ જો એકજ દિવસનો બંદોબસ્ત હોય તો એક તારીખ અને જો બંદોબસ્ત એક કરતા વધુ દિવસ ચાલવાનો હોય તો બન્ને તારીખ લખો.
- બંદોબસ્તમાં જે હોદા ઉપયોગમાં લેવાના હોય તે જરૂરીયાત મુજબના હોદા પસંદ કરો
- જો કોઇ વધારાના હોદાની જરુરીયાત હોય તો એડીમન નો સંપર્ક કરો અને એડમીન હોદો ઉમેંરે પછી બંદોબસ્ત બનાવશો એટલે નવો ઉમેરાયેલ હોદો આવી જશે.
- સંપુર્ણ વિગતો ભરી ક્રિયેટ બંદોબસ્ત ઉપર કલીક કરવાથી બંદોબસ્ત બની જશે અને તમે પોઇન્ટ બનાવવાના પેઇઝ ઉપર લઇ જશે.



પોઇન્ટ બનાવવા માટે નીચે મુજબ સ્ક્રીન ખુલી જશે.





આ સ્ક્રીન નો ઉપયોગ કરી પોઇન્ટ બનાવવાની કામગીરી કરવાની રહેશે. ઉપરોકત હાયલાઇટ કરેલ મેનુ ઉપર કલીક કરી નવા મેઇન પોઇન્ટ અને સબ પોઇન્ટ બનાવવાની કામગીરી કરવા માટે નીચે મુજબના સ્ક્રીન ખુલી જશે.

- પ્રથમ કોઇપણ બંદોબસ્તમાં પોઇન્ટ બનાવતી વખતે પ્રથમ મેઇન પોઇન્ટ એડ કરી પછી તે મેઇન પોઇન્ટ નીચે જરુરીયાત મુજબના સબ પોઇન્ટ એડ કરી શકાશે.


- મેઈન પોઈન્ટ એટલે દા.ત. જનરલ સુપરવિઝન, રોડ બંદોબસ્ત, હેલીપેડ બંદોબસ્ત, સભાસ્થળ બંદોબસ્ત વગેરે. બંદોબસ્ત વહેંચણીના મુખ્ય પોઈન્ટ છે. મેઈન પોઈન્ટ ઉપર ફોર્સ ફાળવણી કરવાની નથી.
- જે મેઈન પોઈન્ટની નીચે આપણે બંદોબસ્તને અનુરૂપ સબ પોઈન્ટ બનાવવાના હોય છે. જે સબ પોઈન્ટ ઉપર મુકવામાં આવનાર ફોર્સની હોદા વાઈઝ આંકડાકીય ફાળવણી પણ કરવાની હોય છે.
- મેઈન પોઈન્ટ બન્યા પછી મેઈન પોઈન્ટની નીચે જે +Add Sub Point નામનું બટન છે તેના ઉપર કલીક કરી જેટલા સબ પોઈન્ટ એડ કરવામાં આવશે. તે તમામ સબ પોઈન્ટ તે મેઈન પોઈન્ટ નીચે એડ થતા જશે.
- જો નવો મેઈન પોઈન્ટ એડ કરવાનો થાય તો ઉપર +ADD Point ઉપર કલીક કરી નવો મેઈન પોઈન્ટ એડ કરવાનો રહેશે.
- નવો મેઈન પોઈન્ટ એડ થયા પછી ફરીથી તેની નીચે તમામ સબ પોઈન્ટ એડ કરવા +Add Sub Point નામના મેનુ થી કરવાનું રહેશે.


મેઈન પોઈન્ટ / સબ પોઈન્ટ એડ કરવા માટે નીચે મુજબ મેનુ ખુલશે.




મેઈન પોઈન્ટ બનાવ્યા પછી સબ પોઈન્ટ બનાવવા માટે ઉપર મુજબના બટન ઉપર કલીક કરવાથી નીચે મુજબની સ્ક્રીન ખુલી જશે. જેમા આ પોઈન્ટ નીચેના સબ પોઈન્ટ બનાવવાના રહેશ.







ઉપરોકત સ્ક્રીન મુજબ જે તે મેઇન પોઇન્ટ નીચે સબ પોઇન્ટનું નામ લખી તેમા મુકવાના થતા ફોર્સની આંકડાકીય વિગત ભરી ક્રીએટ પોઇન્ટ કરવાથી એક સબ પોઇન્ટ બની જશે. દા.ત. જનરલ સુપરવિઝન નામના મેઇન પોઇન્ટની નીચે (૧) જનરલ સુપરવિઝન અધિકારી અને તેની સાથેના કર્મચારી..... આ નામથી એક સબ પોઇન્ટ બનાવી તેમા જે ફોર્સ મુકવાનો હોય તે લખી ક્રીયેટ પોઇન્ટ કરવાથી નીચે મુજબ પોઇન્ટ બની જશે.





- આ રીતે જે તે મેઇન પોઇન્ટ ની નીચે જરુરીયાત મુજબના સબ પોઇન્ટ ફોર્સ સાથે એડ કરવાના રહેશે.
- આ રીતે બનાવેલ પોઇન્ટ ને એડીટ કરી તેનું નામ બદલી શકાય છે. મુકવામાં આવેલ ફોર્સમાં વધારો ઘટાડો કરી શકાય છે.
- આ રીતે બનાવેલ પોઇન્ટને ડીલીટ પણ કરી શકાય છે. કોઇ પણ મેઇન પોઇન્ટ ને ડીલીટ કરવાથી તેની નીચેના તમામ સબ પોઇન્ટ પણ ડીલીટ થઇ જશે કોઇપણ સબ પોઇન્ટને ડીલીટ કરવાથી તે સબ પોઇન્ટ અને તેની સાથે નાખવામાં આવેલ આંકડાકીય ફોર્સ ડીલીટ થઇ જશે.
- આ મેઇન પોઇન્ટ અને સબ પોઇન્ટ બનાવવા માટે જો એકસલ ફાઇલમાં માહીતી આપની પાસે તૈયાર હોય તો અપલોડ એક્સલ ફાઇલ કરવાથી તમામ મેનુ અને ફોર્સ ઓટોમેટીક ઉમેરી શકાય છે.
- એક્સલ ફાઇલ નો નમુનો ડાઉનલોડ કરવા માટે ડાઉનલોડ ટેમ્પ્લેટ નામના મેનુ ઉપર કલીક કરીને એકસલની નમુના મુજબની ફાઇલ ડાઉનલોડ કરી શકાશે તેમા જણાવેલ વિગતે માહીતી ભરી ને અપલોડ કરવાથી ઓટોમેટીક તમામ પોઇન્ટ જનરેટ થઇ જશે. જેના માટે નીચે મુજબના મેનુનો ઉપયોગ કરવાનો રહેશે.

* જો તમામ પોઈન્ટ મેન્યુઅલી બનાવવામાં આવેલ હોય અને તમામ પોઈન્ટ બની ગયા પછી આ પેઈઝ ઉપર Download Assessment નામનું બટન મુકવામાં આવેલ છે. જેમા કલીક કરી તમે સમગ્ર બંદોબસ્તમાં ઉપયોગ લેવાયેલ ફોર્સ ની તારીજ એકસલ ફાઈલમાં ડાઉનલોડ કરી શકો છો. જે ફાઈલ ફોર્સ માંગણી માટે ઉપયોગી થઈ શકશે.





| Name of Main Point | Name of Sub Points | SP | DYSP | PI | PSI | ASI | HC | PC | SRP | HG | GRD | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જનરલ સુપરવિઝન | જનરલ સુપરવિઝનના અધિકારી અને તેની સાથેના માણસો | 1 | | 1 | 2 | 2 | 5 | 4 | 1 | 0 | 4 | - |
| હેલીપેડ બંદોબસ્ત | હેલીપેડ બંદોબસ્તના ઈન્ચાર્જ અધિકારી અને તેની સાથેના માણસો | 0 | 1 | 0 | 0 | 1 | 1 | 5 | 5 | 4 | 0 | - |
| હેલીપેડ બંદોબસ્ત | હેલીપેડ ની ઉત્તર દિશાની દિવાલ ના અંદરના ભાગે | 0 | 0 | 0 | 1 | 2 | 5 | 0 | 0 | 0 | 0 | - |
| રોડ બંદોબસ્ત | હેલીપેડના મેઈન ગેઈટની સામેના ભાગે રોડ ઉપર | 0 | 1 | 1 | 1 | 1 | 2 | 0 | 0 | 0 | 0 | - |
| રોડ બંદોબસ્ત | ત્રણ રસ્તા ઉપર | o | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 1 | 1 | - |

* આ રીતે એકસલની ફાઈલ તૈયાર કરી અપલોડ કરવાથી બંદોબસ્તના તમામ પોઈન્ટ આપ મેળે બની જશે.
* મેઈન પોઈન્ટમાં ઉપરોકત રીતે નામ રીપીટ કરી લખવાનું રહેશે અને તેની નીચે જેટલા સબ પોઈન્ટ મુકવાના થાય તે લખી તેમા મુકવાનો ફોર્સ સામેના કોલમમાં લખવાનો રહેશે.
* ફોર્સના તમામ કોલમમાં આંકડા અથવા ઝીરો અવશ્ય લખવાનો રહેશે.
* પોઈન્ટ એકસલ અપલોડ કરી અને મેન્યુઅલી એમ બન્ને રીતે ઉપરોકત મેનુના ઉપયોગ કરી બનાવી શકાશે.
* **પોઈન્ટ બની ગયા પછી કોઈપણ મેઈન પોઈન્ટ અથવા સબ પોઈન્ટની વચ્ચે જો કોઈપણ પોઈન્ટ ઉમેરવાની જરુરીયાત ઉપસ્થીત થાય તો નીચે મુજબના મેનુનો ઉપયોગ કરી વચ્ચે પોઈન્ટ ઉમેરી શકાશે.**






- ઈનસર્ટ પોઈન્ટ કરવાથી કોઈપણ મેઈન પોઈન્ટ પછી મેઈન પોઈન્ટ અને કોઈપણ મેઈન પોઈન્ટ હેઠળ બનેલ સબ પોઈન્ટની વચ્ચે કોઈ સબ પોઈન્ટ બનાવવાની જરુરીયાત ઉપસ્થીત થાય તો તે યોગ્ય પસંદગી કરી બનાવી શકાય છે.
- કોઈપણ પોઈન્ટની વચ્ચે પોઈન્ટ બનાવવા આ મેનુનો ઉપયોગ કરવાનો રહેશે. જે ખુબજ ઉપયોગી અને સરળ મેનુ છે.
- આ રીતે બંદોબસ્તના પોઈન્ટ સરળતાથી મેન્યુલી અને એકસલ અપલોડ કરી બનાવી શકાય છે.

એક વખત બંદોબસ્ત બની ગયા પછી આપના ડેશ બોર્ડમાં નીચે મુજબના મેનુનો ઉપયોગ કરી બંદોબસ્તની અલગ અલગ કામગીર જેવી કે ફોર્સ અપલોડ, ફોર્સ એલોકેશન, જનરેટ સ્કીમ, જનરેટ આઇડી કાર્ડ, વગેરે કરવા Bandobast List ઉપર ક્લીક કરવાનું રહેશે.






- ડેશબોર્ડ ઉપર Bandobast List નામના મેનુ ઉપર ક્લીક કરવાથી આપશ્રી દ્વારા બનાવવામાં આવેલ તમામ બંદબસ્ત આ રીતે લીસ્ટ થઇ જશે અને દરેક બંદોબસ્ત ની સામે આ મુજબના બટન આવી જશે.







આ બટન ઉપર ક્લીક કરવાથી બનાવેલ બંદોબસ્ત માટેના જરુરી તમામ મેનુ નીચે મુજબના સ્કીનમાં આવી જશે. જ્યાંથી આપશ્રીએ બાકીની બંદોબસ્તને લગત તમામ કામગીરી કરવાની રહેશે.






બંદોબસ્તની તમામ કામગીરી આ સ્ક્રીન ઉપર ઉપલબ્ધ મેનુ ઉપર કલીક કરી શકાય છે.




કોપી બંદોબસ્ત :

- આ બટનની મદદથી તમે બનાવેલ કોઈપણ બંદોબસ્તની કોપી કરી શકો છો. દા. ત. કોઇ વી.વી.આઇ.પી. અગાઉ કોઇ જગ્યાએ આવેલ હોય એટલે કે હેલીપેડ રોડ બંદોબસ્ત સભાસ્થળ વગેરે તેજ રાખવાના હોય તો આ કોપી બટનથી બંદોબસ્ત કોપી કરી શકાય છે જેમા તમામ પોઇન્ટની વિગત આંકડાકીય ફોર્સ સાથે કોપી થઈ જશે.
- જેમા ફકત ફોર્સ અપલોડ કરી નવેસરથી એલોકેશન કરવાથી સમગ્ર બંદોબસ્ત તૈયાર થઈ જશે.
- કોપી કરતી વખતે જરુરી નામ તારીખ વગેરેમાં સુધારા કરી નવો બંદોબસ્ત બનાવી શકાશે.




એડીટ બંદોબસ્ત :

- આ બટનની મદદથી તમે બનાવેલ કોઈપણ બંદોબસ્તની વિગતમાં ફેરફાર કરી શકો છે.
- નામ, સ્થળ, તારીખ માં ફેરફાર કરી શકો છે.
- વધારાનો હોદો ઉમેરી શકો છે.
- હોદો કાઢી નહી શકાય કારણ કે ઉમેરેલ હોદો ઘણા પોઇન્ટ વગેરે સાથે સબંધ ધરાવે છે. જેથી કોઇ હોદો કાઢી શકાશે નહી. પરંતુ કોઈપણ સમયે વધારાનો હોદો ઉમેરી શકાશે.




ડીલીટ બંદોબસ્ત :

- આ બટનની મદદથી તમે કોઈપણ બંદોબસ્ત ને ડીલીટ કરી શકો છો.
- એક વખત ડીલીટ કરેલ બંદોબસ્તની કોઇ વિગત ફરીથી મેળવી શકાશે નહી. જેથી ડીલીટ કરતી વખતે જવાબદારી પુર્વક ડીલીટ કરવા વિનંતી છે.
- બંદોબસ્ત ડીલીટ કરવાથી બંદોબસ્ત સાથે સંકળાયેલ તમામ વિગતો એક સાથે ડીલીટ થઈ જશે.





Create Points / Manage Points :

- આ બન્ને બટનની મદદ થી ઉપર આપણે જોયુ તે રીતે નવા પોઇન્ટ બનાવવાની કામગીરી થાય છે.
- બનેલ પોઇન્ટ ને એડીટ કરવા કે વધારાના પોઇન્ટ એડ કરવા કે પોઇન્ટ ડીલીટ કરવા માટે કરવાનો છે.
- આ બાબતે ઉપર વિગતવાર સમજણ આપવામાં આવેલ છે.




## Upload Force :


- આ બટન ની મદદ થી બંદોબસ્ત માટે ઉપયોગમાં લેવાનો થતો ફોર્સ અપલોડ કરવાની  કામગીરી થાય છે.
- આ ફોર્સ ઉપર હાય લાઇટ કરેલ વિગતે મેન્યુઅલી એક એક અધિકારી / કર્મચારી ની એન્ટ્રી કરી શકાય છે.
- એકસલ ફાઇલમાં જો ડેટા ઉપલબ્ધ હોય તો એકસલ ફાઇલ માંથી ડેટા ઇમ્પોર્ટ કરી શકાય છે.
- ડાઉનલોડ ટેમ્પ્લેટ કરી તેમાં જણાવેલ નમુના મુજબ અધિકારી / કર્મચારીઓની વિગત તૈયાર કરી બલ્ક ડેટા અપલોડ કરી શકાશે.
- અપલોડ થયેલ ડેટા આ પેઝમાં નીચેના ભાગે દેખાશે.
- જેમા મોબાઇલ નંબર ખામી યુકત હશે તે ડેટા ઉપરના ભાગે દેખાશે જેમાં એડીટ કરી મોબાઇલ નંબર સુધારવાનો રહેશે.
- કોઇપણ અધિકારી / કર્મચારીની વિગતમાં કોઇ ભુલ હોય તો તેને એડીટ કરી સુધારી શકાશે.
- કોઇપણ અધિકારી /કર્મચારીને ડીલીટ પણ કરી શકાશે.
- આ જગ્યાએ અપલોડ થયેલ ફોર્સનો ઉપયોગ પોઇન્ટ ઉપર નામજોગ અધિકારી / કર્મચારીની ફાળવણી કરવા માટે ઉપલબ્ધ થશે.







## Force Allocation :

- આ બટન ઉપર કલીક કરવાથી ઉપર મુજબનું પેઇઝ ખુલી જશે. જેમા આપના દ્વારા બનાવવામાં આવેલ તમામ પોઇન્ટએ તેમા નામજોગ મુકવાના થતા ફોર્સની આંકડાકીય હોદા વાઇઝ માહીતી જોઇ શકાશે.
- નામ જોગ અધિકારી કર્મચારીઓને ફાળવણી મેન્યુલ અને ઓટોમેટીક એમ બે રીતે કરી શકાશે.
- જેના માટે આ પેઇઝ ઉપર રહેલ ઉપર મુજબના મેનુનો ઉપયોગ કરવાનો રહેશે.





## Manual Allocation :

- આ બટન ઉપર કલીક કરવાથી નીચે મુજબનું પેઇઝ ખુલી જશે.
- આ પેઇઝનો ઉપયોગ કરી જે પોઇન્ટ ઉપર કોઇ ચોક્કસ અધિકારી / કર્મચારી મુકવાના થતા હોય તો તે ચોક્કસ અધિકારી / કર્મચારીઓને મુકવાના રહેશે.
- કોઇ ચોક્કસ પોઇન્ટ ઉપર મહિલા અધિકારી / કર્મચારી મુકવાના થતા હોય તો તે પોઇન્ટ ઉપર મહિલા અધિકારી / કર્મચારીને શોધીને મુકવાના રહેશે.
- ઓટો એલોકેશન કરતી વખતે આ રીતે મુકાયેલ અધિકારી / કર્મચારીઓ સિવાય બાકી રહેતા તમામ અધિકારી / કર્મચારીઓને સોફ્ટવેર પોતાની રીતે હોદા વાઇઝ નામજોગ જરુરીયાત મુજબ મુકી દેશે.





- મેન્યુલ ફોર્સ મુકવા માટે ઉપર હાયલાઇટ કરેલ જગ્યાએ જે પોઇન્ટ ઉપર અધિકારી / કર્મચારી મુકવાના હોય તે પોઇન્ટ પસંદ કરી નીચે Select Employee આપશ્રી દ્વારા અપલોડ કરેલ ફોર્સ દેખાશે.
- ઉપલબ્ધ ફોર્સ માંથી અધિકારી / કર્મચારી ને પસંદ કરી Allocate Selected Employees કરવાથી તે પોઇન્ટ ઉપર પસંદ કરેલ અધિકારી / કર્મચારીની ફાળવણી થઇ જશે.
- પોઇન્ટ બનાવતી વખતે જે આંકડાકીય ફોર્સ ની ફાળવણી કરવામાં આવેલ છે તેનાથી વધુ નામજોગ ફાળવણી કરી શકાશે નહી.
- તમે અપલોડ કરેલ ફોર્સમાં ઉપલબ્ધ અધિકારી / કર્મચારીઓને ડાયનામીક રીતે સર્ચ કરી શકશો તેમજ હોદા વાઇઝ શોર્ટીંગ પણ કરી શકશો જેથી પસંદગી કરવામાં સરળતા થઇ શકે.
- તમે પોઇન્ટની પસંદગી કરશો એટલે તે પોઇન્ટ ઉપર કેટલા ફોર્સની હોદા વાઇઝ જરૂરીયાત છે તે પણ તમને જોવા મળશે. જેથી ફાળવણી કરવામાં સરળતા થશે.



## Automatic Allocation :


- આ બટન ઉપર ક્લીક કરવાથી ઉપર મુજબનું પેઈઝ ખુલી જશે.
- જેમા ત્રણ રીતે ઓટો એલોકેશન ફોર્સ કરી શકાશે. (૧) ALL Point (૨) Main Point (૩) Sub Point
- ALL Point ઉપર પસંદગી રાખી Start Auto Allocation બટન ઉપર ક્લીક કરવાથી મેન્યુલ ફાળવણી કરેલ અધિકારી / કર્મચારીઓ સિવાયના તમામ બાકી અધિકારી / કર્મચારીઓને હોદા મુજબ ઉપલબ્ધ ફોર્સ માંથી આપ મેળે ગણતરીની સેકન્ડમાં ફાળવણી કરી દેશે.
- Main Point કે Sub Point પસંદ કરી Start Auto Allocation બટન ઉપર ક્લીક કરવાથી ફક્ત તે પોઈન્ટ ઉપર ફોર્સ એલોકેશનની કામગીરી થશે.
- સ્ક્રીન ની જમણી બાજુ Points Summary કોલમમાં પોઈન્ટના નામ અને જરુરીયાત મુજબના ફોર્સ ની આંકડાકીય માહીતી જોવા મળશે. જેમા નામજોગ ફાળવણી બાકી હશે ત્યારે લાલ કલર અને નામજોગ ફાળવણી થયેથી ગ્રીન કલરમાં આંકડા દેખાશે. જેના ઉપર થી જાણી શકાશે કે કયા પોઈન્ટ માં નામ જોગ ફાળવણી બાકી છે.





## Reuse Allocated Force :


- આ બટન ઉપર ક્લીક કરવાથી ઉપર મુજબનું પેઈઝ ખુલી જશે.
- અમુક બંદોબસ્તમાં અમુક સમયે એક પોઈન્ટ ઉપર ઉપયોગમાં લેવાયેલ અધિકારી / કર્મચારીઓને બીજા પોઈન્ટ ઉપર પણ ફાળવણી કરવામાં આવે છે. એટલે કે અમુક અધિકારી / કર્મચારીઓને બે અલગ અલગ પોઈન્ટ ઉપર નોકરી આપવામાં આવે છે.
- જયારે આવો કોઇ પોઈન્ટ બંદોબસ્તમાં હોય ત્યારે ALL Point પસંદ કરી Auto Allocation કરવાનું ટાળવું કારણ કે જે પોઈન્ટ ઉપર અન્ય પોઈન્ટ ઉપર ફાળવણી કરેલ અધિકારી / કર્મચારી ફાળવણી પછી થઇ શકશે નહી. તેવા કિસ્સામાં એક પછી એક Main Point પસંદ કરી Start Auto Allocation કરવાનું રહેશે.
- જે પોઈન્ટ ઉપર અન્ય પોઈન્ટ ઉપર વાપરેલ ફોર્સ વાપરવાનો હોય તે પોઈન્ટ ઉપર ફોર્સ ફાળવણી માટે Reuse Allocated Force મેનુનો ઉપયોગ કરવાનો રહેશે.
- ઉપરના પેઈઝમાં પ્રથમ Step 1: Select Source Point & Load Employees ઉપર જે પોઈન્ટ ઉપરના માણસોને અન્ય પોઈન્ટ ઉપર ફાળવવાના છે તે પોઈન્ટ પસંદ કરી Load Employees બટન ઉપર ક્લીક કરવાથી આ પોઈન્ટ ઉપરના અધિકારી /કર્મચારીઓ ની યાદી નીચે આવી જશે.
- ત્યાર બાદ Step 2: Select Destination Point ઉપર જે જગ્યાએ ઉપરના પોઈન્ટના અધિકારી / કર્મચારીઓને મુકવાના છે તે પોઈન્ટ પસંદ કરવાનો રહેશે.
- સબ પોઈન્ટની પસંદગી કરવાની નથી તે ઓપશનલ છે. જરુરીયાત હોય તો જ સબ પોઈન્ટ સીલેક્ટ કરશો.
- આ રીતે બન્ને જગ્યાએ પોઈન્ટની પસંદગી કરી Start Reuse Allocation બટન ઉપર ક્લીક કરવાથી ઉપરના પોઈન્ટ ઉપર રહેલ તમામ અધિકારી / કર્મચારીઓને બીજી નોકરી તરીકે નવા પોઈન્ટ ઉપર ફાળવણી કરશે.
- જો નવા પોઈન્ટ ઉપર વધુ ફોર્સ ની જરુરીયાત હોય અને ઉપર પસંદ થયેલ પોઈન્ટ ના અધિકારી / કર્મચારીઓની સંખ્યા ઓછી હશે તો ઘટ પડતો ફોર્સ UN Allocated Force ( ફાળવણી કરવાના બાકી ફોર્સ) માંથી સોફ્ટવેર આપ મેળે કરી લેશે.

## Personal Remarks :




- નામ જોગ અધિકારી / કર્મચારીની પોઇન્ટ ઉપર એલોકેટ કર્યા પછી જે કર્મચારી સામે કોઈ રીમાર્કસ લખવાની જરુર પડે તો ADD બટન ઉપર ક્લીક કરી ને ઉમેરી શકાશે.
- પસર્નલ રીમાર્કસ એટલે કે, દુરબીન સાથે રાખશે, વોકી–ટોકી સાથે રાખશે, હથીયાર સાથે રાખશે, સીવીલ કપડામાં રહેશે. વગેરે રીમાર્કસ આપવા માટે આ મેનુનો ઉપયોગ કરવાનો રહેશે.
- જે સ્ક્રીન નીચે મુજબ દેખાશે.











## General Instructions :

- આ બટન ઉપર ક્લીક કરવાથી સુચનાઓ લખવા માટે નીચે મુજબનું પેઈઝ ખુલી જશે.
- આ પેઈઝ દ્વારા કોઈપણ મેઈન પોઈન્ટ કે સબ પોઈન્ટ માટે સુચનાઓ લખી શકાય છે.
- જો મેઈન પોઈન્ટ એટલે કે રોડ બંદોબસ્ત / હેલીપેડ બંદોબસ્ત ના સમગ્ર પોઈન્ટ માટે સુચના લખવાની હોય તો ફક્ત મેઈન પોઈન્ટ પસંદ કરી સુચના લખી ઉમેરવાથી તે મેઈન પોઈન્ટની શરુઆતમાં આ સુચનાઓ આવી જશે.
- જો કોઈ સબ પોઈન્ટ માટે ખાસ સુચના લખવાની હોય તો મેઈન પોઈન્ટની સાથે તે સબ પોઈન્ટ પસંદ કરી સુચના લખવાથી તે સબ પોઈન્ટની શરૂઆતમાં તે સુચના લખેલી આવી જશે.
- આ રીતે બંદોબસ્ત માટેની સુચનાઓ આ પેઈઝ મારફતે ઉમેરી શકાય છે.








## Preview Bandobast :

- આ પેઈઝ મારફતે તમે બનાવેલ તમામ બંદોબસ્ત ને પ્રીવ્યુ કરી જોઇ શકાય છે.
- વર્ડ ફાઇલ અને એક્સલ ફાઇલમાં માં આ સ્કીમ ને ડાઉનલોડ કરી શકાય છે.




| Sr.No. | Name of Main Point | SP | DYSP | PI | PSI | ASI/HC | PC | HG | GRD | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | જનરલ સુપરવિઝન | 1 | - | 1 | - | - | 4 | - | - | 6 |
| 2 | હેલીપેડ બંદોબસ્ત | - | 1 | 1 | 1 | 6 | 16 | 8 | 8 | 41 |
| 3 | ધાબા પોઇન્ટ | - | - | - | 1 | 4 | 6 | - | - | 11 |
| 4 | કોન્વોય | - | 1 | 2 | 3 | - | 16 | - | - | 22 |
| 5 | રોડ બંદોબસ્ત | - | 1 | 1 | 5 | 9 | 34 | 11 | 12 | 73 |
| 6 | સભા સ્થળ | - | 1 | 3 | 13 | 25 | 48 | 32 | 3 | 125 |
| 7 | સ્ટેજ | - | 1 | 2 | 4 | 12 | 12 | - | - | 31 |
| 8 | મોરચાં સ્કોડ | - | - | 1 | 2 | 2 | 12 | - | - | 17 |
| 9 | મંદિર કમ્પાઉન્ડ | - | 1 | 1 | 3 | 6 | 18 | - | - | 29 |
| 10 | મંદિર કમ્પાઉન્ડ | - | 1 | 1 | 3 | 6 | 18 | - | - | 29 |
| Grand Total | | 1 | 7 | 13 | 35 | 70 | 184 | 51 | 23 | 384 |

**Microsoft Word માં આ નમુનામાં ફાઇલ ડાઉનલોડ થશે.**

## Preview Bandobast

### ગુજરાત રાજ્યના રાજયપાલશ્રીનો બંદોબસ્ત

**બંદોબસ્તની તારીખ:** 24-10-2025 | **સ્થળ:** સ્વામીનારાયણ ગુરુકુલ, ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન

બંદોબસ્તની તારીખ: 24-10-2025

| Sr.No. | મુખ્ય બિંદુનું નામ | SP | DYSP | PI | PSI | ASI/HC | PC | HG | GRD | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | જનરલ સુપરવિઝન | 1 | - | 1 | - | - | 4 | - | - | **6** |
| 2 | હેલીપેડ બંદોબસ્ત | - | 1 | 1 | 1 | 6 | 16 | 8 | 8 | **41** |
| 3 | ધાબા પોઇન્ટ | - | - | - | 1 | 4 | 6 | - | - | **11** |
| 4 | કોન્વોય | - | 1 | 2 | 3 | - | 16 | - | - | **22** |
| 5 | રોડ બંદોબસ્ત | - | 1 | 1 | 5 | 9 | 34 | 11 | 12 | **73** |
| 6 | સભા સ્થળ | - | 1 | 3 | 13 | 25 | 48 | 32 | 3 | **125** |
| 7 | સ્ટેજ | - | 1 | 2 | 4 | 12 | 12 | - | - | **31** |
| 8 | મોરર્ચા સ્કોડ | - | - | 1 | 2 | 2 | 12 | - | - | **17** |
| 9 | મંદિર કમ્પાઉન્ડ | - | 1 | 1 | 3 | 6 | 18 | - | - | **29** |
| 10 | મંદિર કમ્પાઉન્ડ | - | 1 | 1 | 3 | 6 | 18 | - | - | **29** |
| **Grand Total** | | **1** | **7** | **13** | **35** | **70** | **184** | **51** | **23** | **384** |

### જનરલ સુપરવિઝન

સૂચનાઓ / Instructions:

1. મહાનુભાવશ્રી જે જે સ્થળોએ મુલાકાત લેનાર હોય તેમજ જે સ્થળોએ રોકાણ કરનાર હોય તે તમામ સ્થળે અગાઉથી એન્ટીસબોટેઝ ચેકીંગ કરાવી લેવું ચેકીંગ થયા બાદ સર્ટીફિકેટ મેળવી તુરંત જ જરૂરી અધિકારી/ માણસો બંદોબસ્તમાં રાખવાના રહેશે.

પોઇન્ટનું નામ: જનરલ સુપરવિઝન

| Sr.No. | પોઇન્ટનું નામ | SP | DYSP | PI | PSI | ASI/HC | PC | HG | GRD | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | જનરલ સુપરવિઝન અધિકારી અને તેમની સાથેના કર્મચારીઓ | 1 | - | 1 | - | - | 4 | - | - | 6 |
| **Grand Total** | | **1** | **0** | **1** | **0** | **0** | **4** | **0** | **0** | **6** |


### જનરલ સુપરવિઝન અધિકારી અને તેમની સાથેના કર્મચારીઓ (જનરલ સુપરવિઝન)


| Sr.No. | નામ | Desig. | B. No | પોલીસ સ્ટેશન | Mobile | વ્યક્તિગત રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| 1 | પ્રેમસુખ ડેલૂ IPS | SP | - | Surendranagar | 9978405083 | - |
| 2 | પ્રદીપગીરી કાન્તિગીરીજી ગોસ્વામી | PI | | Zinzuwada | 9327185440 | - |
| 3 | કાનજીભાઇ બાબુભાઇ ગાડલીયા | PC | 1014 | Sayla | 8200933801 | - |
| 4 | ચેતનકુમાર કુબેરભાઈ | PC | 1395 | Zinzuwada | 9724595363 | - |


## Generate ID-Cards

Generate ID - Cards :

- આ પેઈઝ મારફતે પોઈન્ટ વાઈઝ આઈ.ડી. કાર્ડ જનરેટ કરી શકાય છે. જેમા ફોટા જે તે અધિકારી / કર્મચારીએ પોતાની રીતે લગાવવાનો રહેશે.
- આઈ.ડી. કાર્ડમાં મુકવાનો લોગો અને અધિકારીશ્રીની સહી અપલોડ કરવાથી દરેક આઈડી કાર્ડ માં તે લોગો અને સહી આવી જશે.
- પોઈન્ટ પસંદ કરવાથી તે પોઈન્ટ ના અધિકારી / કર્મચારીઓ ની યાદી નીચે આવી જશે અને તમામને પાસના પ્રકારમાં Duty Point લખેલુ આવી જશે.
- જો કોઈ અધિકારીશ્રીને પાસના પ્રકારમાં ફેરફાર કરવાનો હોય તો તે ડ્રોપ ડાઉન બોક્ષ માંથી પસંદ કરી શકાય છે.
- આ રીતે પાસનો પ્રકાર અને બધુ પસંદ કર્યા પછી Select All કરી ને પછી Preview & Print બટન ઉપર કલીક કરવાથી તે પોઈન્ટ માટે આઈ.ડી. કાર્ડ જનરેટ થઈ જશે.
- આવી રીતે દરેક પોઈન્ટ માટેના આઈ.ડી. કાર્ડની પીડીએફ બનાવી લેવાની રહેશે જે A3 સાઈઝના પેઈઝ માં જનરેટ થશે.
- કોરા નમુના મુજબના આઈ.ડી. કાર્ડ જનરેટ કરવા માટે Blank Templates નામના બટન ઉપર કલીક કરી જરુરીયાત મુજબના કોરા આઈ.ડી. કાર્ડ બનાવી શકાય છે.










## Transfer Master – Data :

- યુઝર ના ડેશબોર્ડમાં Transfer Master – Data નામનું ફંકશન આપવામાં આવેલ છે. જેના મારફતે પોતાના પોલીસ સ્ટેશનના અધિકારી / કર્મચારીઓને કોઇપણ પોલીસ સ્ટેશનના બંદોબસ્ત માટે ઓનલાઇન ટ્રાન્સફર કરવાની જોગવાઇ રાખવામાં આવેલ છે.
- માસ્ટર ડેટા આપલોડ કરવાનું કામ જિલ્લાના એડમીન ( એલ.આઇ.બી ) દ્વારા કરવામાં આવશે.
- જો જીલ્લા એલ.આઇ.બી. દ્વારા સમગ્ર જીલ્લાનો ડેટા નમુના મુજબ અપલોડ કરવામાં આવેલ હશે તો જે તે યુઝરને (પોલીસ સ્ટેશનને) માસ્ટર ડેટામાં પોતાના પોલીસ સ્ટેશનનો ડેટા જોવા મળશે.
- જેથી આ ડેટાનો ઉપયોગ માટે જીલ્લા એલ.આઇ.બી. ના સંર્પકમાં રહી જીલ્લાનો ડેટા અપલોડ થાય તેવી વ્યવસ્થા કરાવવાની રહેશે.




**ઇલેકશન બંદોબસ્ત / ઇલેકશન ડી.આર. વગૅરે નવા ફંકશન પણ ભવિષ્યમાં ઉમેરવામાં આવશે.**

**––xxxxxxx---**